દિવ્ય ભાસ્કર

# એસઆઈટીની કાર્યપદ્ધતિ વિરુદ્ધ સુપ્રીમના ચીફ જસ્ટિસને પત્ર

**પ્રબુદ્ધ નાગરિક મંચે લખેલા પત્રમાં ગોધરાકાંડ તથા સીટના વડા રાઘવન સામે ગંભીર આક્ષેપો**

ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને ૨૦૦૨નાં રમખાણો માટે નિમાયેલી સીટની કાર્યવાહી અંગે કેટલાક પ્રશ્નો, ચિંતા અને ભયની લાગણી વ્યક્ત કરતો પત્ર પ્રબુદ્ધ નાગરિક શક્તિમંચના અગ્રણીઓ દ્વારા લખવામાં આવ્યો છે. આ ઉપરાંત સીટના સૂચિત ક્લોઝર રિપોર્ટ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

પત્રમાં એવો પ્રશ્ન પણ ઊભો કરાયો હતો કે, રમખાણોના જુદાજુદા કેસ સંદર્ભે જે ન્યાયના દ્વાર ખૂલ્યા હતા તે શું બંધ થઈ જશે? શું અમારે એમ માની લેવાનું કે ૨૦૦૨નાં કોમી રમખાણોમાં ૨૦૦૦થી વધુ માણસો મર્યા તેને મારનાર કોઈ નહોતું?! પત્રમાં એવી ગંભીર રજૂઆતો કરાઈ છે કે ૨૦૦૨નાં કોમી રમખાણોને ૧૦ વર્ષ વીતવા છતાં કોમી દાવાનળના ભોગ બનેલાઓને ન્યાય મળ્યો નથી. સુપ્રીમ કોર્ટે આ મામલે જે પગલાં લીધાં અને રાજુ રામચંદ્રનના અહેવાલને પગલે ન્યાયની સંભાવના ઊભી થઈ હતી. જો કે માધ્યમોથી મળતી માહિતી મુજબ રમખાણોની તપાસ કરવા નિમાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સીટ) પોતાનું કામ સંકેલી લઈને ખાસ કરીને ઝકિયા જાફરીના કેસની તપાસ કરવાનું બંધ કરવા ઇચ્છે છે, જે ચિંતા ઉપજાવનારી બાબત છે. તપાસમાં સાક્ષીઓ દ્વારા મુખ્યમંત્રી વિશે અપાયેલાં નિવેદનોને લક્ષ્યમાં કેમ લેવાયાં નથી? વગેરે સવાલો પણ ઉઠાવ્યા છે.

## સીટના વડા રાઘવન નૈતિક ફરજ ચૂક્યા છે

**પત્રમાં** સીટના મુખ્ય અધિકારી રાઘવન નૈતિક ફરજ ચૂક્યા હોવાનો આક્ષેપ મુકાયો છે. પત્રમાં રજૂઆત કરાઈ છે કે સીટનું કાર્ય સ્વીકાર્ય નથી. રાઘવન ક્ષમતાપૂર્વક સક્રિય રહ્યા નથી અને રાજુ રામચંદ્રને જે નિર્દેશ આપ્યા હતા તેની અવગણના કરી છે.